
ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૧૧-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### ઘીના ઠામમાં ઘી પડે ત્યારે ખરું!

મહારાષ્ટ્રમાં શિવસેના અને ભાજપ વચ્ચે ચાલી રહેલી લવ-હેટની હુંસાતુંસીનો કોઈ તાર્કિક અંત શોધવા બેઉ પાર્ટીઓમાં ઉજાગરા ચાલી રહ્યા છે. બાળાસાહેબ ઠાકરેના નિધન પછી નબળી પડી ગયેલી શિવસેનાનું સુકાન એમના મહત્ત્વાકાંક્ષી સુપુત્ર ઉદ્ધવ ઠાકરે પાસે છે. બાળા સાહેબની હયાતીમાં જ વારસાઈનો કાતિલ જંગ જામ્યો હતો. આખરે પુત્ર અને ભત્રીજા વચ્ચેની જીવસટોસટ હરીફાઈના રેફરી તરીકે બાલ ઠાકરેએ એમનામાં બેઠેલા ધૃતરાષ્ટ્રને અનુકૂળ આવે એવો ચુકાદો આપ્યો અને ઉદ્ધવને વારસદાર ઠેરવ્યો ત્યારે નારાજ રાજ ઠાકરેએ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના જેવો નવો પક્ષ સ્થાપ્યો હતો. શિવસેનામાં આ ઊભી તિરાડ પડતાં એની શક્તિ વહેંચાઈ જાય તે સ્વાભાવિક હતું. તેમ છતાં બાલ ઠાકરેના નામ પર શિવસેના મરાઠી માણૂસ વચ્ચે ખાસ્સી લોકપ્રિય રહી હતી જેની પ્રતીતિ લોકસભાની ચૂંટણીમાં એણે મેળવેલી બેઠકોની સંખ્યા કરાવે છે. તકલીફ મહારાષ્ટ્રમાં 'મોટા ભાઈ'ની પદવી જાળવવાના મુદ્દે ઊભી થઈ. પચ્ચીસ વર્ષના જૂના સહયોગી અને હિંદુત્વ મુદ્દે સમાન વિચારધારા ધરાવતા - પ્રમાણમાં ઉદાર મતવાદી રાજકીય પક્ષને મોદી જેવું કરિશ્માઈ નેતૃત્વ સાંપડતાં આ પદવી સાચવી રાખવાનું શિવસેના માટે સ્વાભાવિક રીતે જ ઘણું અઘરું હતું. એ જ મુદ્દે બેઉ જૂના સાથીઓ અને એનડીએના પાર્ટનરો વચ્ચે રિસામણાં થયાં. બેઉ અલગ અલગ ચૂંટણી લડ્યા, જેમાં ભાજપ સ્પષ્ટ બહુમતી લાવતાં લાવતાં રહી ગયો પણ શિવસેનાને એની હેસિયતનો ખ્યાલ આવી ગયો. ઉદ્ધવ ઠાકરેની મુખ્યમંત્રી બનવાની આશા રોળાઈ ગઈ, એટલું જ નહીં - ભાજપે પાછલે બારણે શરદ પવારના પક્ષ - રાષ્ટ્રવાદી કોંગ્રેસનું બિનશરતી સમર્થન મેળવી લઈ પોતાને સરકાર બનાવવા કે બચાવવા માટે શિવસેના કોઈ જ ગરજ નહીં હોવાનો સંકેત પાઠવી દીધો. શિવસેના માટે છેક હોઠ લગી આવેલો અમી પિયાલો ઢળી જાય એવી સ્થિતિ સરજાવા પામી છે. ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રી લઘુમતી સરકાર ચલાવી રહ્યા છે અને શિવસેના સભ્ય સંખ્યાની દૃષ્ટિએ બીજા નંબરનો પક્ષ હોઈ એને વિપક્ષની નેતાગીરીનો લહાવો સાંપડ્યો છે. પવાર કયારે કેવો ખેલ પાડી દેશે એનો અંદાજ લગાવવાનું નવાસવા મુખ્યમંત્રી ફડણવીસનું ગજું નહીં. આથી સંઘની સલાહ મુજબ નારાજ શિવસેનાને યેનકેન પ્રકારેણ મનાવી લઈ, એને સત્તામાં સામેલ કરવાની તજવીજ આરંભાઈ છે. જે ભાજપ એમના પિતાની આંગળી પકડીને મુંબઈ અને મહારાષ્ટ્રમાં પ્રવેશ્યો હતો એની નેતાગીરી દ્વારા ઉદ્ધવ ઠાકરે વારંવાર અપમાનિત થઈ ચૂક્યા હોઈ હવે એમની જૂની માગણીઓ અક્ષરશઃ વળગી રહ્યા છે. ભાજપની નેતાગીરી શિવસેનાને મહત્ત્વનાં ત્રણ ખાતાં પૈકી એક જ આપવા તૈયાર થઈ છે. ગૃહ, નાણાં અને શહેરી વિકાસ - આ ત્રણ સરકારનાં સૌથી મહત્ત્વપૂર્ણ અને ટંકશાળ જેવાં ખાતાં મનાય છે. શિવસેનાના નેતાઓ સાથે મહારાષ્ટ્ર સરકાર અર્થાત્ ભાજપના બે પ્રતિનિધિઓએ ચર્ચા હાથ ધરી છે પણ ઉદ્ધવ ઠાકરે શિવસેના માટે નાયબ મુખ્યમંત્રી પદ અને ગૃહ જેવું અગત્યનું ખાતું માગી રહ્યા છે. કેન્દ્રમાં શિવસેનાના અનંત ગીતે કેબિનેટ પ્રધાન છે જ, વળી સુરેશ પ્રભુને તો મોદીએ રેલવે જેવું ખૂબ અગત્યનું ખાતું આપી દીધું છે. પરંતુ સુરેશ પ્રભુ ઉદ્ધવ ઠાકરેની પસંદગીના ન હોઈ સુરેશ પ્રભુએ તાબડતોબ ભાજપનું સભ્યપદ સ્વીકારી લેવું પડ્યું હતું. એમના સમાવેશથી ઊલટાનો બે પાર્ટીઓ વચ્ચે ખટરાગ વધ્યો છે. કેન્દ્રમાં પાંચેક મંત્રીઓ અને રાજય સરકારમાં દસ મંત્રીઓનો સમાવેશ કરવા તૈયાર થયેલા ભાજપ માટે શિવસેનાની ચોક્કસ વિભાગોની માગણી માથાનો દુખાવો બની રહી છે. એકમેકના 'નેચરલ એલાઈ' - સ્વાભાવિક સહયોગી ગણાતા રહેલા બે પક્ષો વચ્ચેની તકરારમાં મૂળમાં સત્તાનાં સમીકરણ અને માલમલીદાનું અર્થકારણ પડ્યું હોઈ ઘીના ઠામમાં ઘી પડશે કે કેમ - એ તો સમય જ જાણે!





(તસવીર : કશ્યપ નિમાવત)

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ અને ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમી તેમજ પીઆરએલ અમદાવાદના સહયોગથી તારીખ ૨૯, ૩૦ નવેમ્બર 'ફ્લેવર ઓફ સાયન્સ' શિર્ષક હેઠળ સાયન્સ અવેરનેશ વર્કશોપનું આયોજન એલડીઆરપી ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. આ વર્કશોપના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રોફેસર રાજમલ જૈન, ડૉ. તુષાર પંડ્યા, ડૉ. દર્શન વ્યાસ, ડૉ. ડી.એસ. ગઢવી, પ્રો. એસ.એન. પોખરણા ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોનું આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને સ્વાગત કર્યું હતું. ડૉ. ઓર્ડિનેટર ડૉ. પૂનમ સિન્હા અને શ્રીમતી મોનીકા બિજલાનીએ સ્ટાફના સહયોગથી ૩ દિવસીય કાર્યક્રમને સફળ બનાવ્યો છે. તારીખ ૧ ડિસેમ્બર સોમવારે આ સાયન્સ વર્કશોપનું સમાપન રાખલે છે.

## શિક્ષકોના સીસીસી સર્ટીફિકેટ તપાસવા માટે શાળાને તાકીદ

અમદાવાદ, તા.૨૯

શિક્ષકો દ્વારા પગારમાં બઢતી મેળવવા માટે સીસીસીની પરીક્ષાના ખોટા સર્ટિ રજૂ કરાતા હોવના કૌભાંડો સામે આવતા તંત્ર ચોકી ઉઠ્યું છે. આ બાબતની ગંભીરતાને લઈ શિક્ષણ વિભાગ દ્વારા તમામ શાળાના આચાર્યોને તેમની શાળામાં ફરજ બજાવતા શિક્ષકોના ઓરજીલન સીસીસીના સર્ટી મંગાવી તેની ચકાસણી કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે તેમજ જો કોઈ શાળામાંથી હવે ખોટા સર્ટિ રજૂ કરનાર શિક્ષક ઝડપાશે તો શિક્ષકની સાથે સાથે શાળાના આચાર્ય સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. બઢતી અને પગાર વધારા માટે શિક્ષકોને સીસીસીનું સર્ટી રજૂ કરવું ફરજિયાત છે. જો કે, તાજેતરમાં શિક્ષકોએ જમા કરાવેલ સીસીસીના સર્ટીની ચકાસણી કરાતા ઘણા સર્ટી બોગસ હોવાનો ચોંકાવનારો ખુલાસો થવા પામ્યો હતો તેમજ આ ખોટા સીસીસી સર્ટીના આધારે શિક્ષકોને પગારમાં બઢતી પણ આપી દેવામાં આવી હતી. ત્યારે આ બાબતે શિક્ષણ વિભાગનું ધ્યાન જતાં લાલઆંખ કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગે રાજ્યની તમામ શાળાના આચાર્યોને તેમની શાળામાં ફરજ બજાવતા શિક્ષકોના સીસીસીના ઓરીજિનલ સર્ટિ બનાવી ખરાઈ કરવા તેમજ તેનો રિપોર્ટ જિલ્લા શિક્ષણાધિકારીને મોકલી આપવા જણાવાયું છે. આ તપાસ બાદ જો કોઈ શાળામાંથી બોગસ સર્ટી વાળો શિક્ષક પકડાશે તો શિક્ષકની સાથે સાથે શાળાના આચાર્ય સામે પણ શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે તેમજ જે શિક્ષકોએ નકલી સીસીસીના સર્ટી રજૂ કરી પગાર પઢતી મેળવેલ છે તેમને તત્કાલીક અસરથી નીચા પગાર ગ્રેડમાં ઉતારીને લીધેલ વધારાનો પગારની વસુલાત કરીને તેના ચલણની નકલ કચેરીમાં રજૂ કરવાની રહેશે. આ ઉપરાંત શિક્ષકોના ઓરીજીનલ સીસીસી સર્ટીની ખરાઈ કર્યા બાદ તેમની બઢતી માટેની દરખાસ્ત શિક્ષણ વિભાગને મોકલવાની જવાબદારી પણ જે તે શાળાના આચાર્યની રહેશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૬માં વટહુકમ જાહેર કરીને રાજ્ય સરકારે તમામ સરકારી શાળાના શિક્ષકોને બઢતી તેમજ પગાર વધારો મેળવવા માટે સીસીસીની પરીક્ષા પાસ કરવી ફરજિયાત બનાવી દેવાઈ છે.

### પતંજલિ યોગ સમિતિ આયોજિત નિઃશુલ્ક કાયમી યોગ શિબિર

ગાંધીનગર, તા.૨૯

પતંજલિ યોગ સમિતિ આયોજિત નિઃશુલ્ક કાયમી યોગ શિબિર તા. ૧લી ડિસેમ્બરના રોજ યોજાનાર છે. આધુનિક રોગો જેવા કે ડાયાબિટીશ, વધુ વજન, બીપી જેવા રોગોથી મુકિત મેળવવા પતંજલિ યોગ શિબિરનું આયોજન કરેલ છે. તિરૂપતિ બાલાજી મંદિર સેકટર-૧૬ ખાતે સવારે સાડા પાંચથી સાત વાગ્યા સુધી રહેશે. રજીસ્ટ્રેશન માટે યોગ શિક્ષક શ્રી કાનજીભાઈ મો. ૯૮૨૪૬, ૪૪૩૧૪નો સંપર્ક કરવા જણાવેલ છે.

### હરિની દૃષ્ટિ...




સાહેબ, મને ચિંતા થાય છે કે ચેઇન સ્નેચર આ પંદરસો સીસીના બાઈક ખરીદવા મંડશે તો હું આપણાં સો સીસીના બાઈકથી કેમ પીછો કરીશ...!!

## શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલ ધો-૮ના વિદ્યાર્થીઓએ બેંકની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૯

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલ ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં બેંકનું પ્રકરણ ભણાવવામાં આવે છે. ત્યારે ગણિત શિક્ષક અશોકભાઈ એસ. પટેલ, કે.કે. પટેલ અને સુરેશભાઈ સી. પટેલ દ્વારા ૩૫૦ વિદ્યાર્થીઓને તા. ૧૪-૧૧-૨૦૧૪ તથા તા. ૧૯-૧૧-૨૦૧૪ના રોજ સે-૨૩ ગાંધીનગર ખાતે આવેલ કાલુપુર કોમર્શિયલ કો.ઓ. બેંકની મુલાકાત લીધી હતી. બેંકના મેનેજર સંતોષભાઈ જે. પટેલ તથા બેંક કર્મચારીઓનો ખુબ જ સારો સહયોગ મળ્યો હતો. મુલાકાત દરમિયાન બેંકમાં રહેલા વિવિધ ડેસ્કની વિવિધ કામગીરી વિશે ખુબ જ વિસ્તાર પૂર્વક માહિતી આપી હતી. તદઉપરાંત બેંકના પટાંગણમાં વિદ્યાર્થીઓને બેસાડી ઉપાડ ચિઠ્ઠી, જમા પાવતી, પાસબુક, ચેકબુક, એટીએમ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, ડિમાન્ટ ડ્રાફ્ટ, સેફ ડિપોઝીટ વોલ્ટ, ઈન્સ્યોરન્સ સેવા વિશેની માહિતી પુરી પાડવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને બેંક અંગેના તેમને મુંઝવતા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા તેની ખુબ જ સચોટ માહિતી બેંકના મેનેજર સંતોષભાઈ જે. પટેલ દ્વારા આપવામાં આવી હતી. છેલ્લે બેંક તરફથી આ મુલાકાત લેનાર દરેક વિદ્યાર્થીઓને ચોકલેટ આપવામાં આવી હતી.

### ઝીણી ઔદિચ્ય વિદ્યાતેજ મંડળનો સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

શ્રી દંઢાવ્ય (સત્યાવીશ) ઝીણી ઔદિચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળના બાળકોનો સન્માન સમારોહ યોજવામાં આવશે. આગામી તા. ૭ ડીસેમ્બર, રવિવાર સવારે ૯-૦૦ વાગે કડી બ્રહ્મસમાજની વાડી ખાતે યોજાશે. સમારોહનાં પ્રમુખ તરીકે ડો. હરીશભાઈ રાવલ ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં ધોરણ-૧૦થી ઉચ્ચ અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે. સમારોહમાં મોટી સંખ્યામાં મંડળના સભ્યોને ઉપસ્થિત રહેવા મંડળના મંત્રીએ જણાવ્યું છે.

### સ્વામી વિવેકાનંદ હીલ શિલ્ડ ટૂર્નામેન્ટ

સ્વામી વિવેકાનંદ હીલ શિલ્ડ ટૂર્નામેન્ટ અંગેનું આયોજન કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેર અને ગાંધીનગર ગ્રામ્યની શાળાઓ ભાગ લેવા માગતી હોય તો તેમને તા. ૫મી ડિસેમ્બરે એન્ટ્રી મોકલી આપવાની રહેશે. શાળાના અભ્યાસ કરતા ૧૯ વર્ષની નીચેના ખેલાડીઓ ભાગ લઈ શકશે. એન્ટ્રી જિલ્લા રમત અધિકારીશ્રીની કચેરી સેક્ટર-૩૦ને મોકલવાની રહેશે.

### દસ દિવસીય શિબિર યોજાશે

દિવ્ય જીવન સંઘ અને શ્રી ગાયત્રી શકિતપીઠ દ્વારા તા. ૧ થી ૧૦ ડીસેમ્બર દરમિયાન સવારે ૮ થી ૮.૧૫ કલાક દરમિયાન સેકટર-૧ સ્થિત ગાયત્રી શકિતપીઠ ખાતે ધ્યાનયોગ શિબિર યોજવામાં આવશે. શિબિરમાં વિવિધ યોગાસનોનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

### આજે પાલડીના ટાગોર હોલમાં ચાર બાળાઓનું આરંગેત્રમ્

અમદાવાદની સંસ્થા નૃતિ સ્કૂલ ઓફ કલાસીકલ ડાન્સીસ એન્ડ પરર્ફોર્મીંગ તા. ૩૦મી નવેમ્બર સવારે ૯.૩૦ કલાકે પાલડી ખાતેના ટાગોરહોલમાં યોજાનાર છે. આ કાર્યક્રમમાં સ્વામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી રમણલાલ વોરા, સંગીત નાટક અકાદમીના ચેરમેન યોગેશ ગઢવી અને ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ રાકેશ શાહ ઉપસ્થિત રહેશે. નૃતિ સંસ્થાની ચાર બાળકોએ કુ. અમિષા, કુ. દિશા, કુ. જહાનવી અને કુ. વિધિ આ કાર્યક્રમમાં આરંગેત્રમ્ કરશે. આ બાળાઓના ગુરૂ શ્રીમતિ ભૌરવી હેમંત છે. આ કાર્યક્રમમાં કલા અને સમાજસેવા ક્ષેત્રે યોગદાન આપનાર યુએસએના પાલમ બીચ ઈન્ડીયા અસોસિએશનના પ્રમુખ શૈલેષ શાહનું બહુમાન કરવામાં આવશે.

# ખબર નથી શું લખાશે બચેલા હિસ્સામાં, મેં કોરા કાગળે મારી સહી કરેલી છે...!!


પાન ફરકે અને સઘળાં પ્રસંગ યાદ આવે,
સળીની ઠેસથી જંગલ સળંગ યાદ આવે.
મુકામ આમ તો થોડાક શ્વાસ છેટો હોય,
ને વચ્ચે પાથરેલી સુરંગ યાદ આવે.
આમ ૧૯૪૦મા જન્મ્યો છું રમેશ,
છતાં યુગો થી લડુ છું આ જંગ યાદ આવે...!!!

જેને વ્હાલથી અને ભાવથી આપણે ર.પા. તરીકે સ્મરીએ છીએ એ રમેશ પારેખનો જન્મદિવસ આમ તો ત્રણેક દિવસ પહેલા ૨૭મીએ ગયો પણ ભલે ને ર.પા. એ સોનલ માટે એમ કહ્યું હોય કે - સોનલને ચાહવાની ઋતુઓ સાઠ - પણ ર.પા. ના ચાહકો માટે તો ર.પા. ને યાદ કરવાની કોઈ ઋતુ જ નથી, બસ આજુબાજુના કોઈનો મોબાઈલ રણકે ને સંભળાય સાવરિયો રે મારો સાવરિયો કે તરત જ ર.પા. ફરી વળે દિલોદિમાગ પર. અને જેવા ર.પા. યાદ આવે કે તરત જ મનોમન ગવાવા માંડે એના ગીતો અને ગઝલો અને એ પણ તમે માંગ્યો હોય ખોબો તો મળી જાય દરિયા જેટલા!!!

આમ તો ૧૯૪૦માં જન્મેલા આ મૂર્ધન્ય કવિને તો કવિ જ નહોતું થવું. એમને તો કવિતા પ્રત્યે જ એલર્જી હતી, કવિ થવાની તો તલભાર પણ ઈચ્છા નહોતી.કારણ? તો ર.પા. કહે છે કે કવિતા ભણવી પડતી એ જ ત્રાસ લાગતો કદાચ એટલે જ એલર્જી થઈ ગઈ હશે. પણ ર.પા. માં રહેલો સંવેદનાથી છલોછલ માણસ એમણે ક્યા એમ શાંતિથી બેસી રહેવા દે એમ હતો? એમણે લખેલું એમઁ છોક્કરાના લમણાંમાં ખાકટીઓ પાકી, ને લોહી હાળાં ધકામૂકી ધકામૂકી થાય* અદલ એવી જ રીતે એમની અંદર પણ કવિનો આત્મા કશુક લખવા સતત ધક્કામુક્કી કરતો રહ્યો.ને એ પણ એક એવા ખોળીયામાં કે જેની સાત પેઢીમાં પણ કોઈ સાહિત્યકાર નહોતો થયો. આ ધક્કામુક્કી કરતા લોહીના પ્રતાપે ર.પા. એ લગભગ ૧૦-૧૨ વર્ષની ઉંમરે એક હરિગીત લખી કાઢેલું પણ કાઈ જામ્યું નહિ.એટલે ર.પા. ના જ શબ્દોમાં કહીએ તો હરિગીતની પેલી પાંચ પંક્તિઓ પછી પ્રભુજી પ્રસન્ન થયા નહી એટલે પ્રભુજીને અને પદ્યને મૂક્યાં પડતાં અને વ્યાયામમંદિરમાં જવાનું શરૂ કર્યું!

ર,.પા. ના જીવનમાં કવિતા તો બહુ પછી આવી એ પહેલા તો ચિત્રકામ આવી ગયેલું અને એ પણ એકદમ સીરીયસલી. શરૂઆતમાં દોરેલા ચિત્રોને મળેલા આઘાતજનક પ્રતિભાવો છતાં ર.પા. ઈન્ટરમીડીયેટમાં પ્રથમ આવ્યા અને જે.જે સ્કુલ ઓફ આર્ટસમાં ભણવા જવાના સપના જોતા ર.પા. ને ઘરની આર્થિક પરીશ્થીતી એ દગો આપ્યો. એક આશાસ્પદ ચિત્રકારે કમને ૧૯૫૮માં જીલ્લા પંચાયતમાં નોકરી સ્વીકારી લેવી પડી. પણ અંદર કશુક સર્જવાનો સળવળાટ યથાવત રહી ગયેલો પછી ભલેને શરૂઆતી સર્જનયાત્રામાં એ ચિત્રકામને બદલે વાર્તાઓ લખવા સ્વરૂપે બહાર આવ્યો હોય. યસ, ર.પા. ની સોએક વાર્તાઓ એ ચાર - પાંચ વર્ષના ગાળામાં લખાઈ અને છપાઈ પણ અને આ વાર્તાઓની વચ્ચે વચ્ચે ર.પા. કશુક ગીત કે ગઝલ જેવું પણ લખતા રહ્યા. પણ એમની જ એક રચનાની પંક્તિઓ મુજબ - દાબડીમાં એક માણસ બંધ હોય, ઢાંકણું ખોલો તો લાવા નીકળે. એમ પછી તો ર.પા. ની કવિતાની દાબડીનું ઢાંકણું જેવું ખુલ્યું કે આવનારા દસકા સુધી લાવા જ નીકળ્યા કર્યો, પ્રેમનો - સવાલોનો - સમજણનો - દુનીયાદારીનો - આઘાતનો...અને નાં જાણે શેનો શેનો!!

રમેશ પારેખ કૈક ભાળી ગયેલો કવિ હતો. પ્રેમના માર્ગે ચાલનારો આ કવિ સતત કઈક શોધવામાં પ્રવૃત રહેતો (મોરારીબાપુ). ને વાત પણ સાચી જ છે ને કવિતામાં આટલું વિષય વૈવિધ્ય કાઈ અમસ્તું થોડું આવે? ગીત, ગઝલ. અછાંદસ, બાળગીત આ મિંશીલ માણસે કાઈ બાકી નથી રાખ્યું લખવામાં અને લખાણ પણ એવું કે સામાન્ય માનવીને પણ ફટ સમજાય જાય અને એનાથી વિશેષ તો સીધું હૈયા હોહરવું ઉતરી જાય. આ હથેળી બહુ વહેમવાળી જગા છે, અહીં સ્પર્શ વસતા એ પ્રેતો થયા છે.હવે પાંપણોમાં અદાલત ભરાશે, મેં સ્વપ્નો નીરખવાના ગુના કર્યા છે. ર.પા. ને ગમે ત્યાંથી પ્રેરણા મળી જાય એને હથેળીમાં પણ ભૂત દેખાય ને એ જ હાથ ને ચીરતા ગંગા પણ નીકળે. ર.પા. ને સતત પ્રશ્ન થયા કરતા ને એ પણ મોરારીબાપુએ કહ્યું એમ હલ શોધવાના પ્રશ્નો. આ જુઓ - સ્પર્શ દઈ પાણી વહી જાતું હશે ત્યારે કંઈક...આ પત્થરોને કંઈક તો થાતું હશે



રજળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

આમ અછતા ન થયા આમ ઉઘાડા ન થયા, હાથ ફૂલોમાં ઝબોળ્યા ને સુંવાળા ન થયા... આ સુવાળા નાં થયા એ તો ર.પા નું માનવું હતું પણ ગુજરાતી સાહિત્યને ર.પા. એ જે સુંવાળપ આપી છે એની મખમલીમાં હજુયે સાહિત્ય રસિકો આળોટી રહ્યા છે. ર.પા. માટે કવિતા કરવી કે લખવી એટલી જ સાહજિક જેટલી એને અતીગમતી બીડી પેટાવવી કે પછી બીડીની જેમ જ એ ચાહકો અને વાચકોના આંતરમન ને પેટાવતાં હતા? મૂંઝારા ને આબાદ જીલતા હતા? પરપોટો પાણીમાં મુંઝાય હો ખલાસી, પાણીમાં મુંઝાય હો રે, પાણીથી મુંઝાય, પાણીથી કેમ કરી અળગા થવાય? પરપોટો પાણીમાં મુંઝાય. છે ને દરેકના મનની અઘરી સ્થિતિનું સરળ વર્ણન? ર.પા. આવું લખી શકતા કારણ ? કારણ એમણે જ આ શેરમાં પોતે જ લખી આપ્યું છે- ગઝલ હું લખું છું અને આજુ-બાજુ, બધા મારા ચહેરાઓ, ઉંઘી રહ્યા છે - પોતાના ચહેરાને ઉઘાડીને આ માણસ ક્યાં ચહેરાઓને નજર સમક્ષ રાખીને લખતો હશે?

બીજાની ખબર નહી પણ એક ચહેરો તો જગજાહેર અને રમેશ-જાહેર છે અને એ હતો સોનલનો ચહેરો. કોણ છે આ સોનલ જેના નામે રમેશની ઘણી બધી કૃતિઓ બોલે છે, ઝળહળે છે અને જીવંત છે સોનલ તારું નામ લખ્યું ને હાથ સફાળો બની ગયો ખિસકોલી... તમે ઘેર આવ્યા ને, સોનલ ફળિયે બેઠેલા પથ્થરના પંખીને નીલું પિચ્છ અચાનક ફૂટે પિચ્છ તળે કુમળો કુમળો પડછાયો કંપે - કે પછીઁ ધીમે ધીમે ઢાળ તરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ, સળવળ વહેતી કેડસમાણી લીલોતરીમાં તરતા ખેતરશેઢે, સોનલ- તમને ફૂલ દીધાનું યાદ - આવા તો કઈ ને કેટલાય સોનલકાવ્યો ર.પા. ની કલમમાંથી વહેતા રહ્યા. સોનલકાવ્યો એ એમનો પર્યાય બની ગયાં. પણ સોનલ કોણ ? એ પ્રશ્ન તો પ્રશ્ન જ રહ્યો. સોનલ વિષે કવિ શ્રી સુરેશ દલાલે આટલો પ્રકાશ પાડેલો કે રમેશ પારેખની કવિતામાં આવતી સોનલ એ પૂર્વજન્મની સ્મૃતિ છે, આ જન્મની અટકળ છે અને આવતા જન્મનું આશ્વાસન છે એમ તો વિનોદ ભટ્ટે જયારે રમેશને પૂછ્યું કે આ સોનલ એટલે કોણ તો ર.પા. નો જવાબ હતો કે સોનલ એટલે ગમતી પરિસ્થિતિ!!! જે હોય તે પણ સોનલને અનુલક્ષીને અને સોનલના નામે ર.પા. એ સર્જેલા સોનલકાવ્યો કવિતા ચાહકોના દિલની મોંઘેરી સોગાદ બનીને રહી ગયા છે. એમ તો ર.પા. ના આલા ખાચરને કેન્દ્રમાં રાખીને રચેલા કાવ્યો અને મીરાકાવ્યો પણ એટલા જ માણવાલાયક અને નવીનતાથી ભરપુર છે. મીરાકાવ્યોમાં તો એમણે એટલી સહજતાથી ધાર્મિકતા અને ગહનતાને વણી લીધી છે કે વાંચકને સાવ જ સરળતાથી પહેલીથી છેલ્લી લીટી સુધી બધું જ સમજાય જાય. એક ઝલક આ મીરાકાવ્યની ગઢને હોંકારો તો કાંગરાય દેશે, પણ ગઢમાં હોંકારો કોણ દેશે ? રાણાજી, તને ઉંબરે હોંકારો કોણ દેશે? આઘેઆઘેથી એને આવ્યાં છે કહેણ, જઈ વ્હાલમશું નેણ મીરાં જોડશે, હવે તારો મેવાડ મીરાં છોડશે.

ઘણીવાર બધી વાત સર્જક જાહેરમાં નથી કહેતો પણ એના સર્જન થકી એની મનોસ્થિતિ કે ખુશી કે વેદના ની જાણ વાચકોને કરતો રહેતો હોય છે. ર.પા. ની ઘણી બધી ગઝલો કે ગીતોમાં સતત કૈક શોધવાની મથામણ કે પછી કૈક અધુરપનો ભાવ છલકાયા કરતો જાણે કે કેમ કોઈ ચીજ, સ્થિતિ કે વર્તન પરથી એનું અચાનક જ મન ઉઠી ગયું હોય... ઝાડ એના પાંદડાંને પૂછે છે- કેમ ? તું મારું નથી એવો શા માટે પડ્યો તને વ્હેમ?... સ્વપ્ન તો આંખમાં આવીને રહે કે ન રહે, ઘેર આવેલ પ્રસંગો ય અમારા ન થયા. તાગવા જાવ તો - ખોદાઈ ગયા છે દરિયા, અર્થ શોધો તો - અમસ્થા ય ઉઝરડા ન થયા... ભીનું રહસ્ય હતું, આંખથી ન સચવાયું તું વ્યર્થ ઢાંકપિછોડો, અરે કપોળ! ન કર બધી વસંત કાંઈ નમણી નથી હોતી, રમેશ બધી વસંતમાં તું જીવ ઓળઘોળ ન કર... થોડી દુર્ઘટના ભરી થોડી ક્ષણો ખાલી ગઈ, હું ગયો, ખૂશબૂઓ જયાં હાથ મારો ઝાલી ગઈ, ઊંઘ આવી નહી, તો શું થયું? ના કૈં જ થયું, આંખની સપનાંઓ જોવાની ટેવ ચાલી ગઈ...સદીનું પ્રતિબિંબ ક્ષણમાં હશે, કયો થાક મારા ચરણમાં હશે? ઠરી જાય છે કલ્પનાની નદી, કયો ભેદ વાતાવરણમાં હશે ?ન જીવનમાં કારણ મળ્યાં સ્વપ્નનાં, તો એનાં રહસ્યો મરણમાં હશે?

નબળી સ્થિતિને લીધે દિવસે નોકરી અને વધુ કમાવા રાત્રે હોમગાર્ડની નોકરી કરતા કરતા કવિતાના શહેનશાહ થયેલા આ અલગારી મુસાફિર નું આત્મસન્માન પણ એવું જ હતું. કોઈ એક કાર્યક્રમ માં એમની ઓળખાણમાં એમ કહેવાયું કે રમેશ પારેખ એવા કવિ છે જેઓ જયારે બોલાવીએ ત્યારે કવિતા વાંચવા આવી જાય છે અને ર.પા. એમ કહીને કાર્યક્રમ છોડી ગયા કે હું કોઈ એવો સસ્તો કવિ નથી. એક મુલાકાતમાં ર.પા. ને પુછાયેલું કે ગુજરાતી સાહિત્યમાં તમારું જે સ્થાન છે એનાથી તમને સંતોષ છે? તો આ છ અક્ષરના નામેરી એ જવાબ આપેલો કે કવિતા લખાય છે એનો આનદ જ મુખ્ય છે અને બાકી બધું ગૌણ છે અને એટલે જ તો બસ ની ટીકીટ પાછળ આ માણસ સાવરિયો રે મારો સાવરિયો જેવું ગુજરાતી ભાષાનું શ્રેષ્ઠતમ ગીત કે પછી...ગોરમાને પાંચે આંગળીએ પૂજયાં ને નાગલા ઓછા પડ્યા રે લોલ કમ્મખે દોથો ભરીને કાંઈ ટાંક્યા ને આભલાં ઓછાં પડ્યા રે લોલ....લખી શકેલો કે જેના વગર ગુજરાતી સુગમ સંગીત અધૂરું છે.

ર.પા. એ એમની સર્જનયાત્રા દરમ્યાન અનેક પ્રકારના શબ્દો અને વિવિધ ભાવો ને વ્યક્ત કરતા તળપદી શબ્દોનો કવિતામાં ભરપુર ઉપયોગ કર્યો. એમના કાવ્યસંગ્રહ 'ખડિંગ' ને મળેલા 'નર્મદ ચંદ્રક' ; સ્વીકારતી વખતે પોતાના વક્તવ્યમાં એમણે આના કારણમાં કહેલું કે મારી બા ધાણીફૂટ કાઠીયાવાડી બોલતા અને અમરેલીના શહેરીકરણ પછી પણ એમ જ બોલતા અને આ ભાષામાં થી મારી જીભના માપનો જોડો સિવાયો છે જે મારી કવિતાઓમાં પણ ડોકાતો રહે છે. ઓઢણીને પૂછ્યું કે; ક્યાં હાલ્યા? ઓઢણીએ કીધું કે : ઊડવા ખીંટી બોલી કે તને અધવચ્ચે ઝાલશું તો ઓઢણી કયે : હવે ઝાલ્યો, ઝાલ્યો... અજુગતા લાગતા રદીફ ને લઈને પણ અચ્મ્બિત કરી નાખતી કૃતિ સર્જી શકે એનું નામ ર.પા. વાંચો આ થોડા નમૂનાઓ : પૂછો કે પેન માં ય ફરે ઝાંઝવાં, તો હા, પૂછો કે હોય ત્યાં ય હરણ બ્હાવરાં, તો હા... પાંદડું કેવી રીતે પીળું થયું કોને ખબર? એટલે કે ઝાડમાંથી શું ગયું કોને ખબર ?... કઈ તરફ રહેવું અમારે, કઈ તરફ વહેવું, રમેશ? ભાન ડહોળાતાં થયાં ગુલમ્હોર મ્હોર્યા એટલે... કંઈક કષ્ટ છે એ વાત ગોળગોળ ન કર, જે કહેવું હોય તે કહી નાખ, ચોળચોળ ન કર, છે સ્તબ્ધ સાંજ, તું બારી સમીપ ભો છે, સજળ છે આંખ ને હસવાનો આમ ડોળ ન કર... પીવડાવવો છે જામ? લે, મારાથી કર શરૂ, તું આવ સ્હેજ આમ, લે, મારાથી કર શરૂ. તું લૈશ તો બ્રહ્માંડે આવી જશે બાથમાં, આસાન છે આ કામ, લે, મારાથી કર શરૂ... આવા તો અનેક અચરજ પમાડતા રદીફ લઈને એમણે સુંદર રચનાઓ સર્જી બતાવી કે જેને લખવા બેસીએ તો પાનાઓ ઓછા પડે એમના જન્મદિવસની નીમ્મીત્તે આ તો એક આછેકરું આચમન કર્યુ ર.પા. સાગરમાંથી.. અંતમાં આ નખશીખ કાઠીયાવાડી, રજવાડી મિજાજ ધરાવતા સર્વાધિક લોકપ્રિય કવિની રચનાની આ ચોટદાર બે પંક્તિઓ : ઉઝરડા અને લોહીલુહાણ આખ્ખાય જીવતરનાં કારણ છે શું ? મેં ફૂટપાથ પર એક જયોતિષને પૂછ્યું તો એને કહ્યું કે : સ્મરણ એક બે...!!!